# માઈક્રોફાઈનાન્સ પલ્સ

ગ્રંથ 7 – નવેમ્બર 2020



# વિશ્લેષણાત્મક સંપર્કો

## ઇક્વિફેક્સ (Equifax)

કિરણ સમુદ્રલા
VP - એનાલિટિક્સ
kiran.samudrala@equifax.com

શ્રુતિ જોશી
AVP - એનાલિટિક્સ
shruti.joshi@equifax.com

ખ્યાતિ ખજુરીયા
એએમ - એનાલિટિક્સ
khayati.khajuria@equifax.com

વંદના પંચાલ
સિનિયર એક્ઝિક્યુટીવ- એનાલિટિક્સ
vandana.panchal@equifax.com

## સીડબી (SIDBI)

કૈલાશ ચંદર ભાનૂ
સીજીએમ-ERDAV
erdav@sidbi.in

રંગદાસ પ્રભાવતી
ડીજીએમ- ERDAV
erdav@sidbi.in

રમેશકુમાર
એએમ- ERDAV
rameshk@sidbi.in

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| > | કાર્યકારી સારાંશ | 03 |
| > | સંક્ષેપ અને શબ્દસૂચિ | 04 |
| > | માઈક્રો ફાઈનાન્સ ઉદ્યોગ ની ઝાંખી | 05 |
| > | વિતરણ વલણો | 08 |
| > | ઉદ્યોગ જોખમ પ્રોફાઈલ | 11 |
| > | ભૌગોલિક એક્સપોઝર | 13 |
| > | એમએફઆઈ  ઉદ્યોગ અને કોવીડ-19 | 16 |
| > | મહત્વાકાંક્ષી જિલ્લાઓ | 18 |
| > | વ્યાપક રાજ્ય પ્રોફાઈલ: બિહાર | 21 |

# કાર્યકારી સારાંશ

અમારા નવીનતમ ન્યૂઝલેટર માં આપનું સ્વાગત છે. અમે આશા રાખીએ છે કે અમારી બધી આવૃત્તિઓ માઇક્રો ફાઇનાન્સ ઉદ્યોગ માં અનુભવાતા સતત ફેરફારો થી તમને માહિતીગાર રાખશે. માઇક્રોફાઇનાન્સ પલ્સની 7 મી આવૃત્તિ ઉદ્યોગના સંસ્થાકીય વલણો સાથે ભૌગોલિક ગતિશીલતામાં ફેરફાર, વિતરણ અને પોર્ટફોલિયોના વલણો પર પ્રકાશ પાડે છે.

30 સપ્ટેમ્બર 2020 સુધીમાં 6 કરોડ જેટલા મોજૂદ ઋણ લેનારાઓને માઇક્રોફાઇનાન્સ ઉદ્યોગ સેવાઓ આપે છે. બાકી રહેલા પોર્ટફોલિયોના સંદર્ભમાં માઇક્રોફાઇનાન્સ ઉદ્યોગમાં વાય-ઓ-વાય વૃદ્ધિદર 14% છે. 30 મી સપ્ટેમ્બર 2020 ના રોજ માઇક્રો ફાઇનાન્સ ઉદ્યોગનો બાકી પોર્ટફોલિયો `2,27,844 કરોડ છે. એસએફબીમાં બાકી રહેલા પોર્ટફોલિયોના સંદર્ભમાં વાય-ઓ-વાય 24% ની વૃદ્ધિ જોવા મળી છે. બાકી રહેલા પોર્ટફોલિયોમાં બેન્કો 41% ફાળો આપી રહી છે, ત્યાર પછી એનબીએફસી-એમએફઆઇ નો 31% છે.

માઇક્રોફાઇનાન્સ ઉદ્યોગ ધીરે ધીરે રીકવર થઈ રહ્યો છે, JAS'20 માં બેન્કો એ `32,375 કરોડની 92 લાખ લોનનું વિતરણ કર્યું હતું જે વોલ્યુમની દ્રષ્ટિએ AMJ'20 ની તુલનામાં 300% જેટલી વધારે છે અને મૂલ્યની દ્રષ્ટિએ 393% વધારે છે. 10,000 થી 50,000 ના બકેટમાં 70% કરતા વધારે લોન્સનું વિતરણ કરવામાં આવે છે. લોન વિતરણની દ્રષ્ટિએ બેંકોનું યોગદાન તમામ ક્વાર્ટરમાં સૌથી વધુ છે, ત્યારબાદ એનબીએફસી-એમએફઆઇ છે. JAS'19 થી JAS'20 ઇન્ડસ્ટ્રી એટીએસ માં 5% સુધીની વૃદ્ધિ જોવા મળી છે. તમામ ક્વાર્ટર્સમાં સૌથી વધુ ડીલીન્ક્વંસી સપ્ટેમ્બર 2020 માં એકંદર 19.83% છે.

ટોચના 9 રાજ્યો પાન ઇન્ડિયા પોર્ટફોલિયોમાં 75% થી વધુ ફાળો આપે છે. બાકી રહેલા પોર્ટફોલિયોમાં તમિળનાડુ અને પશ્ચિમ બંગાળ, પ્રત્યેકનું 15% યોગદાન છે. તમિળનાડુ અને પશ્ચિમ બંગાળની 90+ ડીલીન્ક્વંસી અનુક્રમે 0.25% અને 0.38% જેટલી બરાબર જળવાઈ રહી છે. પેન ઈન્ડિયા બાકી રકમમાં મહત્વાકાંક્ષી જીલ્લાઓ 12% નો ફાળો આપે છે અને 90+ ડીલીન્ક્વંસી 0.35% છે.

પીઓસ ના સંદર્ભમાં 11% પાન ઈન્ડિયા હિસ્સો ધરાવતું બિહાર ટોચના ત્રીજા સ્થાને છે. સપ્ટેમ્બર 2020 ના રોજ બિહારનો એટીએસ `38,209 છે જે પાન ઇન્ડિયા એટીએસ કરતા 8% વધારે છે. બિહારમાં બેંકો સર્વોચ્ચ એટીએસ `42,743 ઉપલબ્ધ કરાવે છે અને ત્યારબાદ એસએફબી `41,457 પર છે. સપ્ટેમ્બર 2020 ના રોજ બિહારની 90+ ડીલીન્ક્વંસી 0.18% છે.

વિશ્વના દરેક ક્ષેત્રમાં COVID-19 રોગચાળાએ કામગીરીઓ ખોરવી દીધી છે. માઇક્રો ફાઇનાન્સ સંસ્થાઓએ પણ મંદીનો અનુભવ કર્યો છે એ કહેવાની જરૂર નથી. ટોચના 5 રાજ્યોનું JAS'19 માં વોલ્યુમ અને મૂલ્ય દ્વારા લોન સોર્સિંગમાં યોગદાન 56% હતું, જે રોગચાળાને કારણે JAS 20 માં 52% પર આવી ગયું છે. ટોચના 5 રાજ્યોએ JAS'19 માં 103 લાખ લોનનું વિતરણ કર્યું છે. JAS'20 માં ટોચના 5 રાજ્યોએ 49 લાખનું વિતરણ કર્યું જે JAS 19 કરતા 53 % જેટલું ઓછું છે. વિતરણની રકમ JAS'19 થી JAS'20 પર 50% નીચે આવી છે

# સંક્ષેપ અને શબ્દાવલિ


- >> ATS =એટીએસ (સરેરાશ ટિકિટ કદ) = વહેંચાયેલ રકમ / લોનની સંખ્યા
- >> DPD= ડે પાસ્ટ ડ્યુ (ડીપીડી)
- >> લાઈવ POS અથવા બોરોઅર અથવા સક્રિય લોન = 0 થી 179 ડીપીડી + નવા એકાઉન્ટ્સ + કરંટ એકાઉન્ટ્સ
- >> MFI =એમએફઆઈ = માઈક્રોફાઈનાન્સ સંસ્થા
- >> POS = પોર્ટફોલિયો આઉટ સ્ટેન્ડિંગ
- >> UT= યુનિયન ટેરીટરી
- >> Aspirational Districts(AD)= આરોગ્ય અને ન્યુટ્રિશન, શિક્ષણ, કૃષિ અને જળ સંસાધનો, નાણાકીય સમાવેશ, કુશળતા વિકાસ અને મૂળભૂત માળખાકીય સુવિધાઓ જેવા સંયુક્ત સૂચકાંકોના આધારે માનવ વિકાસ સૂચકાંકમાં સુધારો કરવા માટે જાન્યુઆરી, 2018 માં નીતી આયોગ, ભારત સરકાર દ્વારા નિશ્ચિત કરાયેલ જિલ્લાઓ (એડી.) - (હાલ ની સંખ્યા 117)
- >> 1-179 = 1 થી 179 ડીપીડી / લાઈવ પી.ઓ.એસ
- >> 1-29 = 1 થી 29 ડીપીડી / લાઈવ પી.ઓ.એસ
- >> 30-59 = 30 થી 59 ડીપીડી / લાઈવ પી.ઓ.એસ
- >> 60-89 = 60 થી 89 ડીપીડી / લાઈવ પી.ઓ.એસ.
- >> 90-179 = 90 થી 179 ડીપીડી / લાઈવ પી.ઓ.એસ
- >> 30+ ડીલીન્ક્વંસી = 30 -179 ડીપીડી / લાઈવ પી.ઓ.એસ
- >> 90+ ડીલીન્ક્વંસી = 90 -179 ડીપીડી / લાઈવ પી.ઓ.એસ
- >> JAS’19 = જુલાઈ 2019 થી સપ્ટેમ્બર 2019
- >> OND’19 = ઓક્ટોબર 2019 થી ડિસેમ્બર 2019
- >> JFM’20= જાન્યુઆરી 2020 થી માર્ચ 2020
- >> AMJ’20= એપ્રિલ 2020 થી જૂન 2020
- >> JAS’20= જુલાઈ 2020 થી સપ્ટેમ્બર 2020

# માઈક્રો ફાઈનાન્સ
# ઉદ્યોગ ઝાંખી



## માઈક્રો ફાઈનાન્સ ઉદ્યોગ ઝાંખી – 30 સપ્ટેમ્બર 2020 ના રોજ

ગ્રાફ- 01




| સ્નેપશોટ 30 સપ્ટેમ્બર 2020 નાં રોજ | બેન્કો | એસએફબી | એનબીએફસી – એમએફઆઈસ | એનબીએફસી સ | નફો નહી કરનારી એમએફઆઈસ | એકંદર ઉદ્યોગો |
|---|---|---|---|---|---|---|
| અનન્ય મોજૂદ દેવાદારો ('000) | 25,320 | 14,423 | 24,729 | 7,791 | 781 | 73,044 |
| સક્રિય લોનો ('000) | 36,726 | 20,329 | 36,177 | 8,580 | 1,052 | 102,864 |
| પોર્ટ ફોલીઓ (₹ કરોડ) | 93,410 | 42,682 | 70,142 | 19,838 | 1,772 | 227,844 |
| વિતરિત રકમ (₹ કરોડ)- JAS'20 | 17,301 | 4,411 | 9,051 | 1,172 | 440 | 32,375 |
| સરેરાશ ટિકેટ કદ (₹) -JAS'20 | 38,862 | 31,678 | 31,956 | 32,006 | 29,719 | 35,225 |
| 30+ ડીલીન્ક્વંસી (પીઓઝ) | 6.03% | 2.79% | 4.21% | 2.04% | 1.34% | 4.48% |
| 90+ ડીલીન્ક્વંસી (પીઓઝ) | 0.39% | 0.26% | 1.25% | 0.35% | 0.53% | 0.63% |

ટેબલ-01


* 30 સપ્ટેમ્બર 2020 સુધીનો આઉટસ્ટેન્ડિંગ ઉદ્યોગ પોર્ટફોલિયો `227,844 કરોડ છે જેમાં માઇક્રો ફાઇનાન્સ ઉદ્યોગમાં બેંકો 41% માર્કેટ હિસ્સા સાથે અગ્રણી છે.
* મૂલ્ય ની દૃષ્ટિ એ લોકડાઉન ક્વાર્ટર (એએમજે'20) કરતા 393% ક્યૂ-ઓ-ક્યૂ વૃદ્ધિ નોંધાવીને જેએએસ 20 ક્વાર્ટરના વિતરણો `32,375 કરોડ નોંધાયા છે. જૂન 20 ના 6,040 કરોડના વિતરણો થી વધીને સપ્ટેમ્બર 2020 માં તે `12,724 કરોડ થયા છે.
* જેએએસ '2020 દરમિયાન 53% હિસ્સા સાથે આ વિતરણ વૃદ્ધિમાં બેંકો મોખરે છે.
* COVID-19 પ્રેરિત લોકડાઉન અવધિ પછી JFM'20 ઉદ્યોગ એટીએસની તુલનામાં JAS'20 માટે ઉદ્યોગ એટીએસ 96% રિકવરી બતાવે છે
* 30 સપ્ટેમ્બર 2020 ના રોજ ઉદ્યોગ એટીએસ (``35,225) કરતા બેંકો - 10% વધારે, `38,862 જેટલો ઉંચો એટીએસ જાળવે છે
* સપ્ટેમ્બર 2020 સુધીમાં એનબીએફસી-એમએફઆઈએ સૌથી વધુ 90+ ડીલીન્ક્વંસી, 1.25% નોંધાવી છે.

નોંધ : એમએફઆઈ સેગમેન્ટમાં 6 કરોડ અનન્ય મોજૂદ ઋણ લેનારા છે. એસ.એફ.બી., બેંકો, એનબીએફસી-એમએફઆઈ, એનબીએફસી અને નફા સાથે નહીં તેવી એમ.એફ.આઇ. અનેક સંસ્થાઓ સાથે સંબંધો ધરાવતા ગ્રાહકોને કારણે અનન્ય ગ્રાહકોની સંખ્યામાં તફાવત છે

.

# માઈક્રોફાઈનાન્સ ઉદ્યોગ ઝાંખી

ગ્રાફ-2




બાકી પોર્ટ ફોલીઓ (₹crore)

| વિગતો | સપ્ટે'19 | ડિસે '19 | માર્ચ '20 | જુન '20 | સપ્ટે '20 |
|---|---|---|---|---|---|
| બેંકો | 80,526 | 83,725 | 90,643 | 91,922 | 93,410 |
| એસએફબીઝ | 34,290 | 36,639 | 40,539 | 39,225 | 42,682 |
| એન બી એફ સી-એમેફ આઈઝ | 63,394 | 67,104 | 74,771 | 71,342 | 70,142 |
| એનબીએફસી | 19,508 | 19,415 | 20,225 | 19,875 | 19,838 |
| પ્રોફિટ માટે નહિ એવી એમએફઆઈસ | 1,970 | 1,802 | 1,896 | 1,841 | 1,772 |
| કુલ ઉદ્યોગો | 199,688 | 208,686 | 228,074 | 224,205 | 227,844 |
| ક્યુ-ઓ-ક્યુ વિકાસ દર % | - | 5% | 9% | -2% | 2% |

ટેબલ-૨

- સપ્ટેમ્બર 2019 થી સપ્ટેમ્બર 2020 દરમ્યાન માઈક્રો ફાઈનાન્સ ઉદ્યોગ માં 14% નો વિકાસ થયો છે.
- સપ્ટેમ્બર 2019 થી સપ્ટેમ્બર 2020 દરમ્યાન વાય-ઓ -વાય વિકાસ સાથે સૌથી ઉંચો પોર્ટ ફોલીઓ વૃદ્ધિ દર, એસએબીઝ નો, 24% છે અને જુન 2020 થી સપ્ટેમ્બર 2020 દરમ્યાન ક્યુ-ઓ-ક્યુ વિકાસ દર 9% છે.
- આ સમય દરમ્યાન નવી લોનોમાં ઘટાડાને કારણે જુન 2020 પીઓસ ઘટાડો થયો છે, જે રોગચાળા થી ઉદભવેલા લોક ડાઉન ને પરિણામે હોઈ શકે છે.

# વિતરણ વલણો





MicrofinancePulse

# વિતરણ વલણો – સંસ્થા મુજબ

ચાર્ટ-03

ધીરનાર ના પ્રકાર મુજબ બજાર હિસ્સા વલણો




વિતરણ કરવામાં આવેલ લોનો ની સંખ્યા (લાખ માં)


| ધીરનાર પ્રકાર | JAS'19 | OND'19 | JFM'20 | AMJ'20 | JAS'20 |
|---|---|---|---|---|---|
| બેંકો | 68 | 74 | 83 | 14 | 45 |
| એસએફબીસ | 31 | 33 | 33 | 6 | 14 |
| એનબીએફસી –એમએફઆઈસ | 70 | 70 | 72 | 2 | 28 |
| એનબીએફસીસ | 13 | 12 | 11 | 0 | 4 |
| નફા માટે નહિ એવી એમએફઆઈસ | 2 | 3 | 2 | 1 | 1 |
| એકંદર ઉદ્યોગો | 184 | 192 | 201 | 23 | 92 |

ટેબલ-03

- રાષ્ટ્રવ્યાપી લોક ડાઉન ને કારણે AMJ'20 એમએફઆઈ વિતરણ ઘટીને ₹6,565 કરોડ થઈ ગયું છે.
- બેંકો અને એસએફબી એ લોકડાઉન ના સમય માં વિતરણ માં સૌથી વધુ, અનુક્રમે–67% & 22% યોગદાન આપ્યું છે.
- વિતરણ ના સંદર્ભ માં મૂલ્યની દ્રષ્ટિએ AMJ'20 to JAS'20 ના સમય ની સરખામણી એ JAS'20 માં નોંધપાત્ર રીકવરી અનુભવાયી. આ રીકવરી માં બેંકો 53% અને એનબીએફસી –એમએફઆઈસ 28% જેટલું પ્રભુત્વ ધરાવે છે. જોકે. મૂલ્યની દ્રષ્ટિએ વિતરણના સંદર્ભ માં JAS'20 દરમ્યાન લોકડાઉન પહેલાના ત્રિમાસિક (JFM'20) ના 44% જેટલું છે.
- AMJ'20 થી JAS'20 દરમ્યાન કદ ની દ્રષ્ટિ એ વિતરણ માં 300% ની વૃદ્ધિ થઈ.

નોંધ : બ્યુરો ને પ્રસ્તુત કરેલા વિતરણ વલણો 30 સપ્ટેમ્બર 2020 સુધી અપડેટ કરેલા છે.

# ઉદ્યોગ ટિકિટ સાઈઝ વલણો




વિતરણ કરેલ લોની ની સંખ્યા (લાખમાં )

| ટીગીટ સાઈઝ | JAS'19 | OND'19 | JFM'20 | AMJ'20 | JAS'20 | Y-o-Y વિકાસ દર % |
|---|---|---|---|---|---|---|
| 0K-10K | 11 | 10 | 9 | 2 | 4 | -64% |
| 10K-20K | 14 | 13 | 12 | 11 | 16 | 14% |
| 20K-30K | 50 | 48 | 46 | 2 | 17 | -66% |
| 30K-40K | 60 | 62 | 63 | 3 | 21 | -65% |
| 40K-50K | 25 | 29 | 33 | 2 | 16 | -36% |
| 50K-60K | 10 | 15 | 19 | 2 | 9 | -10% |
| 60K Plus | 13 | 15 | 19 | 2 | 9 | -31% |
| એકંદર | 184 | 192 | 201 | 23 | 92 | -50% |
| Q-o-Q લોન વિતરણ વિકાસ દર % | - | 4% | 5% | -89% | 300% | - |
| ઓલ ઈન્ડીયા એટીએસ (₹) | 33,404 | 34,814 | 36,748 | 28,059 | 35,225 | 5% |
| Q-o-Q ATS growth rate % | - | 4% | 6% | -24% | 26% | - |


- AMJ'20 ત્રિમાસિક અથવા લોક ડાઉન સમય માં 10,000-20,000 ટીકિટ સાઈઝ(47% બજાર હિસ્સો) ની માંગ ઝડપથી વધી.
- અન્ય ટિકિટ સાઈઝ ની લોનોમાં 10,000-20,000 ટિકિટ સાઈઝ ની લોનોમાં સૌથી વધુ Y-o-Y વૃદ્ધિ દર, 14% નોંધાયો.
- JAS'20 ત્રિમાસિક ના રોજ Y-o-Y ઉદ્યોગ એટીએસ માં 5% વૃદ્ધિ થઇ.
- AMJ'20 to JAS'20 દરમ્યાન Q-o-Q ઉદ્યોગ એટીએસ માં 26% વૃદ્ધિ જોવાય છે. સરેરાશ રીતે આ ત્રિમાસિક વૃદ્ધિ દર 4% થી 6% વચ્ચે છે.

# ઉદ્યોગ જોખમ ઝાંખી



## ઉદ્યોગ જોખમ ઝાંખી

ચાર્ટ-05




Delinquency by Days Past Due

| રીપોર્ટીંગ ત્રિમાસિક | 1-29 days past due | 30-59 days past due | 60-89 days past due | 90-179 days past due | 1-179 days past due |
|---|---|---|---|---|---|
| સપ્ટે '19 | 1.31% | 0.38% | 0.24% | 0.43% | 2.36% |
| ડિસે '19 | 1.79% | 0.70% | 0.37% | 0.54% | 3.40% |
| માર્ચ '20 | 3.72% | 0.49% | 0.41% | 0.87% | 5.49% |
| જુન '20 | 1.30% | 1.03% | 0.43% | 0.43% | 3.20% |
| સપ્ટે '20 | 15.35% | 3.47% | 0.39% | 0.63% | 19.83% |

ટેબલ-05

- સપ્ટેમ્બર 2020 માં ઉદ્યોગ 1+ ડીલીન્ક્વંસી સર્વોચ્ચ સ્તરે દર્શાવે છે.
- જુન-2020 ની તુલના એ **સપ્ટેમ્બર 2020 માં** ડીલીન્ક્વંસી બકેટ 1-29 દિવસ પાસ્ટ ડ્યુ તથા 30-59 દિવસ પાસ્ટ ડ્યુ માં નોંધ પાત્ર વધારો જોવાયો.

ડીલીન્ક્વંસી ગણતરી નો આધાર પીઓએસ


# ભૌગોલિક એક્સપોઝર



MicrofinancePulse


## સપ્ટેમ્બર 2020 ના રોજ સ્ટેટ/ યુ.ટી મુજબ બાકી પોર્ટફોલીઓ

મેપ-01





- સપ્ટેમ્બર 2020 ના રોજ પાન ઇન્ડીયા બાકી પોર્ટફોલીઓ ₹227,844 કરોડ
- પાન ઇન્ડીયા બાકી પોર્ટફોલીઓમાં ટોચના 9 રાજ્યો 75% થી વધારે ફાળો આપે છે ( તામિલનાડુ, વેસ્ટ બેંગોલ, બિહાર, કર્ણાટક, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઓરિસ્સા, આસામ.)
- ભારત દેશના મોટા ભાગના રાજ્યો નો પીઓએસ એક્ષ્પોઅર ₹5,000 કરોડ કરતાં વધારે છે.

## સપ્ટેમ્બર 2020 ના રોજ સ્ટેટ/ યુ ટી મુજબ 90+ ડીલીન્ક્વંસી




- 30 સપ્ટેમ્બર 2020 ના રોજ પાન ઇન્ડીયા 90+ ડીલીન્ક્વંસી 0.63%
- 30 સપ્ટેમ્બર 2020 ના રોજ પાન ઇન્ડીયા 90+ ડીલીન્ક્વંસી ની તુલનાએ ટોચના એમએફઆઈ રાજ્યો- વેસ્ટ બેંગાલ, તામીલનાડુ, અને બિહારે સારો એવો નીચો 90+ ડીલીન્ક્વંસી જાળવ્યો છે.

# એમ એફ આઈ ઉદ્યોગ અને કોવીડ-19



## એમએફઆઈ ઉદ્યોગ અને કોવીડ-19 અસર

| ટોચના 5 રાજ્યો | JAS'19 (વિતરિત કરેલ ખાતાની સંખ્યા લાખમાં) | JAS'20 (વિતરિત કરેલ ખાતાની સંખ્યા લાખમાં | % વૃદ્ધિ | 23 સપ્ટેમ્બર 2020 ના રોજ એકંદર કોવીડ-19 કેસો |
|---|---|---|---|---|
| તામિલનાડુ | 27 | 13 | -51% | 552,674 |
| વેસ્ટ બેંગાલ | 22 | 11 | -47% | 231,484 |
| બિહાર | 20 | 9 | -56% | 172,854 |
| કર્નાટક | 19 | 9 | -54% | 533,850 |
| મહારાષ્ટ્ર | 15 | 6 | -58% | 1,242,770 |

ટેબલ-06

| Top 5 States | JAS'19 (વિતરિત રકમ કરોડમાં) | JAS'20 (વિતરિત રકમ કરોડમાં) | % વૃદ્ધિ | 23 સપ્ટેમ્બર 2020 ના રોજ એકંદર કોવીડ-19 કેસો |
|---|---|---|---|---|
| તામિલનાડુ | 8,845 | 3,980 | -55% | 552,674 |
| વેસ્ટ બેંગાલ | 9,225 | 5,057 | -45% | 231,484 |
| બિહાર | 6,810 | 3,441 | -49% | 172,854 |
| કર્નાટક | 5,004 | 2,766 | -45% | 533,850 |
| મહારાષ્ટ્ર | 4,377 | 1,974 | -55% | 1,242,770 |

- JAS'19 માં ટોચના 5 રાજ્યોનું કદ અને મૂલ્ય ની દ્રષ્ટિ એ લોન વિતરણ માં 56% યોગદાન હતું જે JAS'20 માં રોગચાળા ને લીધે 52% જેટલું નીચું આવ્યું.
- JAS'19 માં ટોચના 5 રાજ્યોએ 103 લાખ લોનો વિતરણ કરી. JAS'20 માં ટોચના 5 રાજ્યોએ 49 લાખ લોનો વિતરિત કરી જે કરતાં 53% જેટલી ઓછી છે.
- JAS'19 થી JAS'20 સુધીમાં ટોચના 5 રાજ્યો એ વિતરણ કરેલી રકમ માં 50% ઘટાડો નોંધાયો.

કોવીડ-19 ડેટા સ્ત્રોત : https://www.mygov.in/covid-19


# મહત્વાકાંક્ષી જીલ્લાઓ




MicrofinancePulse

# મહત્વાકાંક્ષી જીલ્લાઓ – સપ્ટેમ્બર 2020 - ઝાંખી

ચાર્ટ-06




ગ્રાફ-07





| મહત્વાકાંક્ષી જીલ્લાઓ વિકાસ વિગત | ડિસેમ્બર 2017 | સપ્ટેમ્બર 2020 | વૃદ્ધિ % |
|---|---|---|---|
| સક્રિય ગ્રાહક પ્રવેશ ('000) | 4,155 | 7,308 | 76% |
| વિતરણ રકમ (₹કરોડ) | 14,374* | 22,659** | 58% |
| સક્રિય લોનો ('000) | 6,925 | 12,654 | 83% |
| બાકી પોર્ટફોલીઓ (₹કરોડ) | 11,175 | 26,726 | 139% |
| 30+ ડીલીન્ક્વંસી | 1.54% | 3.02% | - |
| 90+ ડીલીન્ક્વંસી | 0.75% | 0.35% | - |

Table-08

- સપ્ટેમ્બર 2020 સુધીમાં મહત્વાકાંક્ષી જીલ્લાઓમાં બાકી પોર્ટફોલિયો ` 26,726 કરોડ હતો જેમાં બેંકોનો 42% હિસ્સો અને ત્યારબાદ એનબીએફસી-એમએફઆઈનો 35% હિસ્સો.
- એનબીએફસી-એમએફઆઈની મહત્વાકાંક્ષી જીલ્લાઓમાં સૌથી વધુ 90+ ડીલીન્ક્વંસી છે.
- ડિસેમ્બર 2017 થી સપ્ટેમ્બર 2020 સુધી બાકી પોર્ટફોલિયો 139% વધ્યો અને વિતરણ રકમ માં 58% ની વૃદ્દિ નોંધાઈ છે.

# મહત્વાકાંક્ષી જીલ્લાઓ-ગ્રાહક અને ભૌગોલિક પ્રસાર

ચાર્ટ-08




| જીલ્લા | રાજ્ય | સપ્ટેમ્બર 2020 (₹કરોડ) | હયાત ખાતાંઓ ('000) સપ્ટેમ્બર 2020 | હયાત સંસ્થા કાઉન્ટ સપ્ટેમ્બર 2020 | હયાત બોરોઅર્સ ('000) સપ્ટેમ્બર 2020 | 90+ પીઓએસ ડીલીન્ક્વંસી સપ્ટેમ્બર 2020 |
|---|---|---|---|---|---|---|
| મુઝફ્ફરપુર | બિહાર | 1,707 | 793 | 65 | 503 | 0.28% |
| બેગુસરાઈ | બિહાર | 1,261 | 575 | 62 | 338 | 0.27% |
| પુર્નિઆ | બિહાર | 983 | 433 | 51 | 258 | 0.07% |
| ઔરંગાબાદ | મહારાષ્ટ્ર | 950 | 461 | 59 | 227 | 0.76% |
| દાહોદ | ગુજરાત | 785 | 394 | 38 | 218 | 0.06% |
| અરરિયા | બિહાર | 754 | 341 | 56 | 208 | 0.05% |
| સીતામારી | બિહાર | 746 | 357 | 41 | 207 | 0.01% |
| કટિહાર | બિહાર | 745 | 332 | 47 | 196 | 1.05% |
| વિરુધુનગર | તામીલનાડુ | 743 | 387 | 48 | 195 | 0.40% |
| રામનાથપુરમ | તામીલનાડુ | 611 | 307 | 53 | 163 | 0.10% |

ટેબલ -09

- મહત્વાકાંક્ષી જિલ્લાઓના બોરોઅર્સ 10,000 થી 50,000 પીઓએસ બકેટ માં કેન્દ્રિત છે.
- બિહારના 5 થી વધુ જીલ્લાઓ સપ્ટેમ્બર 2020 ના રોજ બાકી પોર્ટ ફોલીઓ આધારના ટોચના 10 મહત્વાકાંક્ષી જિલ્લાઓનો ભાગ છે.
- ટોચના 10 મહત્વાકાંક્ષી જિલ્લાઓ પીઓએસ માં મુઝફ્ફરપુર 18% યોગદાન આપે છે. ત્યારપછીબેગાસુરાઈ14% અને પૂર્ણિયા 11% પર છે.
- સપ્ટેમ્બર 2020 ના રોજ ટોચના 10 મહત્વાકાંક્ષી જિલ્લાઓ પૈકી સીતામારી મહત્વાકાંક્ષી જિલ્લાઓ માં 0.01% 90+ ડીલીન્ક્વંસી નોંધાવે છે, જે સૌથી નીચી છે.

* બહુવિધ વિસ્તારોમાં કાર્યરત સંસ્થાઓને લીધે એમાં થોડું ડુપ્લીકેશન હોઈ શકે છે.


# વ્યાપક રાજ્ય પ્રોફાઈલ: બિહાર



MicrofinancePulse

## બિહાર રાજ્ય : દેખાવ

Graph-09





| બિહાર-સપ્ટેમ્બર 2020 ના રોજ-એક ઝાંખી | બેંકો | એસ એફ બી | એનબીએફસી – એમએફઆઈ | એનબીએફસી | પ્રોફિટ માટે નહિ એવી એમએફઆઈ | એકંદર ઉદ્યોગો |
|---|---|---|---|---|---|---|
| સક્રિય લોનો ('000) | 4,468 | 1,446 | 4,055 | 1,131 | 322 | 11,422 |
| પોર્ટ ફોલિયો (`₹crore) | 10,577 | 3,380 | 7,577 | 2,712 | 592 | 24,838 |
| બાકી પોર્ટ ફોલિયો માં બજાર હિસ્સો | 43% | 14% | 30% | 11% | 2% | 100% |
| વિતરિત રકમ (`₹crore) – JAS'20 | 1,934 | 302 | 832 | 207 | 166 | 3,441 |
| સરેરાશ ટિકટ સાઈઝ (`₹) – JAS'20 | 42,743 | 41,457 | 31,030 | 34,944 | 34,653 | 38,209 |
| 30+ ડીલીન્ક્વંસી (POS) | 1.73% | 1.09% | 2.49% | 0.12% | 0.63% | 1.67% |
| 90+ ડીલીન્ક્વંસી (POS) | 0.06% | 0.06% | 0.45% | 0.01% | 0.22% | 0.18% |

- સક્રિય લોનો અને બાકી પોર્ટ ફોલિયો ની દ્રષ્ટિ એ પાન ઇન્ડિયા એમએફઆઈ પોર્ટફોલિયો માં બિહાર 11% ફાળો આપે છે.
- JAS'20 ના પાન ઇન્ડિયા એ ટીએસ કરતાં બિહાર નો એ ટીએસ 8% વધુ છે.
- 30 સપ્ટેમ્બર 2020 ના રોજ પાન ઇન્ડિયા ડીલીન્ક્વંસી ની તુલનાએ બિહાર ની 90+ ડીલીન્ક્વંસી ઠીક ઠીક જળવાય છે.
- બાકી પોર્ટ ફોલીઓ સામે બેંકો નું 43% યોગદાન છે જે તમામ લેણદારોમાં સૌથી વધુ છે.
- ₹42,743 સાથે બેંકો બિહારમાં એટીએસ નું સર્વોચ્ચ પ્રાપ્તિ સ્થાન છે ત્યાર પછી ₹41,457 સાથે એસએફબી છે.
- અન્ય ધીરનારો ની તુલના એ એનબીએફસી એ સારી 30+ & 90+ ડીલીન્ક્વંસી જાળવી રાખી છે.

# બિહાર વિતરણ વલણો – સંસ્થા મુજબ

Graph-10




વિતરણ કરેલ લોનો નો સંખ્યા (in '000)

| વિગતો | JAS'19 | OND'19 | JFM'20 | AMJ'20 | JAS'20 |
|---|---|---|---|---|---|
| બેંકો | 852 | 946 | 1,083 | 209 | 452 |
| એસએફબી | 236 | 278 | 333 | 17 | 73 |
| એનએફબીસી – એમએફઆઈ | 724 | 827 | 913 | 14 | 268 |
| એનએફબીસી | 177 | 173 | 162 | 1 | 60 |
| નફા માટે નહિ એવી એમએફઆઈ | 40 | 68 | 66 | 48 | 48 |
| ટોટલ ઉદ્યોગ | 2,029 | 2.292 | 2.557 | 289 | 901 |


ટેબલ-11

- JAS' 19 ની તુલનાએ JAS' 20 માં રોગચાળા ની અસર જોવાય છે. JAS'19 થી JAS'20 સુધીમાં વિતરિત રકમ માં 49% ઘટાડો થયો છે.
- JAS'19 થી JAS'20 સુધીમાં લોન સ્ત્રોતમાં 56% ઘટાડો થયો છે.
- તમામ ત્રિમાસિક માં લોન સ્ત્રોત યોગદાનમાં બેન્કોનું સર્વોચ્ચ યોગદાન છે ત્યાર બાદ એનએફબીસી – એમએફઆઈ નું છે.
- JAS'20 માં લોન સ્ત્રોત માં બેન્કોનું 50% યોગદાન છે ત્યાર બાદ એનએફબીસી – એમએફઆઈ નું 30% છે
- AMJ'20 થી JAS'20 સુધીમાં લોન સ્ત્રોતમાં 212% વધારો થયો છે.

## બિહાર ભૌગોલિક પોર્ટફોલીઓ યોગદાન


ચાર્ટ-11

ધીરનાર શ્રેણી મુજબ વિસ્તાર




ચાર્ટ-12

વિસ્તાર પ્રમાણે 90+ ડીલીન્કવંસી





- બિહાર ના બાકી પોર્ટ ફોલિયોમાં ગ્રામીણ વિસ્તારો સૌથી વધુ, 59% યોગદાન આપે છે, ત્યાર પછી અર્ધ-શહેરી 39% અને શહેરી વિસ્તારનું 2% યોગદાન છે.
- તમામ વિસ્તારોમાં બાકી પોર્ટ ફોલીઓમાં બેન્કોની યોગદાન સૌથી વધુ છે.
- રાજ્ય 90+ પીઓએસ ડીલીન્કવંસી ની તુલનાએ શહેરી વિસ્તાર ઉંચો 90+ પીઓએસ ડીલીન્કવંસી દર્શાવે છે.

# બિહાર બોરોઅર વહેંચણી


ચાર્ટ-13

સક્રિય લોનોની સંખ્યા મુજબ મોજૂદ બોરોઅર વહેંચણી




Graph-14

બાકી પોર્ટ ફોલીઓ મુજબ મોજૂદ બોરોઅર વહેંચણી




- બિહારના 41% જેટલા બોરોઅર્સ પાસે 2 કરતાં વધારે એમ એફ આઈ લોન છે.
- બાકી પોર્ટ ફોલિયો પ્રમાણે બોરોઅર વહેંચણી દર્શાવે છે કે 65% જેટલા બોરોઅર્સ 10,000 થી `50,000 બકેટ માં છે.

# SIDBI વિશે

સંસદના અધિનિયમ હેઠળ 1990 માં સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેન્ક ઓફ ઈન્ડિયાની (સીડબી) સ્થાપના કરવામાં આવી છે. સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ ક્ષેત્ર) ના પ્રોત્સાહન, ધિરાણ અને વિકાસ ની ત્રિવિધ કાર્યસૂચિને અમલમાં મૂકવા માટે તથા સમાન પ્રવૃત્તિઓમાં રોકાયેલી વિવિધ સંસ્થાઓના કાર્યોના સંકલન માટે સીડબી ને મુખ્ય નાણાકીય સંસ્થા તરીકે ફરજ બજાવવા માટે હવાલો અપાયો છે. તેના વિવિધ નાણાંકીય અને વિકાસલક્ષી પગલાં દ્વારા વર્ષોથી આ બેન્કે સોસાયટી ના વિવિધ સ્તરે લોકોના જીવનને સ્પર્શ્યુ છે, સમગ્ર એમએસએમઈ સ્પેક્ટ્રમ ના સાહસોને અસર કરી છે અને એમએસએમઈ ઈકોસિસ્ટમમાં ઘણી વિશ્વસનીય સંસ્થાઓ સાથે સંકળાયેલી છે.

એમએસએમઈ ક્ષેત્ર માં માહિતી અસમપ્રમાણતાને ધ્યાનમાં લેવા સીડબી એ  વિઝન 2.0 હેઠળ એમએસઈ દ્રષ્ટિકોણ તથા આકાંક્ષા ને જાણવા માટે એમએસએમઈ પલ્સ જેવા ક્ષેત્ર કે જે  CriSidEx અને એમએસએમઈ ના હેલ્થ ટ્રેકર છે તથા  માઈક્રોફાઈનાન્સ પલ્સ સિવાય ફિનટેક ધિરાણ સેગ્મેન્ટ પર ધિરાણ ડેટા આંતરદ્રષ્ટિ માટે ફિનટેક પ્લસ જેવી  વિવિધ પહેલ કરી છે.

## માઈક્રો ફાઈનાન્સ અવકાશ માં સીડબી

માઈક્રો ફાઈનાન્સ-ચળવળને ટેકો આપીને સમાવિષ્ટ ધિરાણ એજન્ડાને આગળ વધારવામાં સિડબીએ અગ્રણી ભૂમિકા નિભાવી છે. માઈક્રો ફાઈનાન્સ હેઠળ, માર્ચ 2020 સુધીમાં બેંકે 100 થી વધુ એમએફઆઈને ₹19,871 કરોડની સંમિશ્રિત મંજૂરી આપી છે. આ સંસ્થાઓને ક્ષમતા નિર્માણના સમર્થન દ્વારા એમએફઆઈને દેવું અને ઈક્વિટી સપોર્ટ એ કોમ્પ્લાયંસ એસેસમેન્ટ ટૂલ્સને ટેકો આપીને કોર્પોરેટ ગવર્નન્સ કલ્ચરને સમજવા વગેરે માટે  પૂરક છે. માઈક્રો ફાઈનાન્સ ઉદ્યોગને નાજુક શરૂઆતથી સંપૂર્ણ ઉદ્યોગોના ક્ષેત્રમાં લઈ જવા સિવાય, અમારા 8 ભાગીદાર એમએફઆઈને એસએફબી / યુનિવર્સલ બેંકોમાં સ્થાનાંતરિત કરાશે. બજારના દરો કરતા નોંધપાત્ર રીતે ઓછા હોય એ વ્યાજ દરે (ભાગીદારીની વ્યવસ્થા દ્વારા) માઈક્રો લેંડિંગ માં સીધી સીડબી માંથી નાની લોન ઉપલબ્ધ કરાવવી એ એક અગ્રણી પહેલ છે. બેંક દ્વારા પ્રયાસ નામની આ પહેલ અંતર્ગત ભાગીદારીના મોડેલ હેઠળ બજાર દરો કરતાં તુલનાત્મક નીચા દર સાથે પિરામિડના તળિયે માઈક્રો ઋણ લેનારાઓને 0.50 લાખ થી 5 લાખની નાની ટિકિટ સાઈઝ લોન લંબાવાઈ  રહી છે

## Equifax વિશે

ઈક્વિફેક્સ એક વૈશ્વિક માહિતી નિરાકરણ કંપની છે જે માહિતી નાં આંતરદ્રષ્ટિમાં પરિવર્તન દ્વારા વિશ્વભરની સંસ્થાઓ અને વ્યક્તિઓને સક્ષમ કરવા માટે વિશ્વસનીય વિશિષ્ટ ડેટા, નવીન વિશ્લેષણો, તકનીકી અને ઉદ્યોગ કુશળતાનો ઉપયોગ કરે છે, જે વધુ જાણકાર વ્યવસાય અને વ્યક્તિગત નિર્ણયો લેવામાં મદદ કરે છે.

Atlanta Ga માં મુખ્ય મથક ધરાવતું ઈક્વિફેક્સ મધ્ય અને દક્ષિણ અમેરિકા, યુરોપ અને એશિયા પેસિફિક ક્ષેત્ર, ઉત્તર અમેરિકાના 24 દેશોમાં કાર્ય કરે છે અથવા રોકાણ કરે છે. તે સ્ટાન્ડર્ડ અને પુઅર (S&P) 500®  ઈન્ડેક્ષ ના સભ્ય છે અને EFX પ્રતીક હેઠળ ન્યૂ યોર્ક સ્ટોક એક્સચેંજ (NYSE) પર તેના પ્રવર્તમાન સ્ટોકનું વેચાણ થાય છે. ઈક્વિફેક્સ વિશ્વભરમાં 11,000 કર્મચારીઓને રોજગારી આપે છે. ક્રેડિટ ઉદ્યોગમાં 120 વર્ષથી વધુના વૈશ્વિક વારસા સાથે 2010 માં ભારતના બજારમાં ઈક્વિફેક્સે તેની હાજરી સ્થાપિત કરી હતી અને તેને આરબીઆઈ દ્વારા સીઆઈસી તરીકે કામ કરવા માટે લાઈસન્સ અપાયું હતું. છેલ્લા 9 થી વધારે વર્ષમાં ક્રેડિટ બ્યુરોના સભ્યોમાં 4000+ વધારો થયો છે જેમાં બેંકો, એનબીએફસી, એમએફઆઈ અને વીમાદાતાઓનો સમાવેશ થાય છે. આ સભ્યો કરોડો ભારતીય ગ્રાહકો ની  વસ્તી વિષયક અને ચુકવણીની માહિતી પ્રદાન કરે છે. 2014 માં ઈક્વિફેક્સે એનાલિટિક્સ ફર્મના અધિગ્રહણ દ્વારા ભારતમાં તેના પદચિન્હ માં વધુ ઉમેરો કર્યો. ઈક્વિફેક્સ એનાલિટિક્સ પ્રા. લિમિટેડ એ ભારતમાં ઈક્વિફેક્સની સંપૂર્ણ માલિકીની વિશ્લેષણાત્મક સંસ્થા છે જે અપ્રતિમ કસ્ટમાઈઝ્ડ એનાલિટિક્સ ઉકેલો આપે છે જે ઉદ્યોગોની કામગીરી અને ગ્રાહકોના જીવન, બંનેને સમૃદ્ધ બનાવે છે.

## અસ્વીકૃતિ

માઈક્રોફાઈનાન્સ પલ્સ (અહેવાલ) ઈક્વિફેક્સ ક્રેડિટ ઈન્ફર્મેશન સર્વિસીસ પ્રા.લિ. (ઈક્વિફેક્સ) દ્વારા તૈયાર કરાયેલ છે. અહેવાલ ને એક્સેસ કરીને અને ઉપયોગ કરીને વપરાશકર્તા સ્વીકારે છે અને કબૂલે છે કે આવો ઉપયોગ આ અસ્વીકૃતિ ને આધિન છે. આ અહેવાલ ઈક્વિફેક્ષના સભ્યો અને સંસ્થાઓ દ્વારા સપ્ટેમ્બર 2020 સુધી બ્યુરોને સબમિટ કરવામાં આવેલી માહિતી ના સંગ્રહ પર આધારીત છે. જ્યારે ઈક્વિફેક્સ રિપોર્ટ તૈયાર કરવામાં વ્યાજબી કાળજી લે છે, સંસ્થાઓ દ્વારા સબમિટ કરાયેલ અચોક્કસ અથવા અપૂરતી માહિતીને કારણે થતી ભૂલો અને / અથવા વર્જન (omiission) અથવા ચોકસાઈ માટે જવાબદાર રહેશે નહીં. વધુમાં, કોઈપણ વિશિષ્ટ હેતુ માટે તેની યોગ્યતા અને / અથવા રિપોર્ટ માંની માહિતીની પૂરતી અથવા સંપૂર્ણતા ની બાંયધરી ઈક્વિફેક્સ નથી કરતી અથવા રિપોર્ટ પરની કોઈપણ એક્સેસ અથવા નિર્ભરતા માટે ઈક્વિફેક્સ જવાબદાર નથી અને ઈક્વિફેક્સ આવી બધી જવાબદારીનો સ્પષ્ટપણે અસ્વીકાર કરે છે. આ અહેવાલ એ ઈક્વિફેક્ષ દ્વારા કોઈપણ આવેદન, ઉત્પાદન ના સ્વીકાર અથવા ઈનકાર / અસ્વીકાર માટે ની ભલામણ નથી,  અથવા (i) ધિરાણ આપવું કે ન આપવું અને  (ii) કોઈપણ સંબંધિત વ્યક્તિગત / એન્ટિટી સાથે નાણાંકીય વ્યવહાર  કરવો કે નહિ  તે માટેની ઈક્વિફેક્ષ દ્વારા ભલામણ નથી. અહેવાલમાં સમાવિષ્ટ માહિતી સલાહની રચના કરતી નથી અને આ અહેવાલમાં સમાયેલ માહિતીના આધારે કોઈ નિર્ણય લેતા પહેલા વપરાશકર્તા એ તેના વિવેકી અભિપ્રાય મુજબ ના તમામ જરૂરી વિશ્લેષણ હાથ ધરવા જોઈએ. અહેવાલમાં રજૂ થયેલ તમામ વિશ્લેષણ નમૂનાઓ પર આધારિત છે. રિપોર્ટનો ઉપયોગ ક્રેડિટ ઈન્ફર્મેશન કંપનીઝ (રેગ્યુલેશન) એક્ટ 2005, ક્રેડિટ ઈન્ફર્મેશન કંપનીઓ જોગવાઈઓ રેગ્યુલેશન્સ, 2006, ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઓ નિયમો, 2006 દ્વારા સંચાલિત છે. પૂર્વ મંજૂરી વિના આ રિપોર્ટના કોઈપણ ભાગની કોપી, પરિભ્રમણ  પ્રકાશિત થઈ શકશે નહિ.

## સંપર્ક વિગતો

Equifax Credit Information Services Private Limited
ઈક્વિફેક્સ ક્રેડિટ ઈન્ફોર્મેસન સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ
યુનિટ નંબર 931, ત્રીજો માળ, બિલ્ડીંગ નં . 9,
સોલિટેર કોર્પોરેટ પાર્ક,
અંધેરી - ઘાટકોપર લિન્ક રોડ, અંધેરી ઈસ્ટ,
મુંબઈ - 400 093
ટોલ ફ્રી નંબર: 1800 2093247
ecissupport@equifax.com

Small Industries Development Bank of India
સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા
સ્વાવલંબન ભવન, પ્લોટ નંબર સી -11, 'જી' બ્લોક,
બાંદ્રા કુર્લા સંકુલ, બાંદ્રા (પૂર્વ),
મુંબઈ - 400051
મહારાષ્ટ્ર
ટોલ ફ્રી નંબર: 1800 22 6753
www.sidbi.in/en